સે. ૨માં કાર્યાલય માટે ભાજપે લીલાછમ્મ વૃક્ષો કાપી નાખ્યાં..!!

વોર્ડ નં.૯માં સમાવિષ્ટ સે.૨માં હંગામી ધોરણે બનાવાતા ચૂંટણી કાર્યાલય માટે ચાર ઘટાદાર વૃક્ષો કાપી નાંખતા શહેરના પ્રકૃતિપ્રેમીઓમાં રોષ : કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની શીખ પણ ભુલાવી દેતાં ભાજપના સ્થાનિક ઉમેદવારો : સોશિયલ મિડીયા પર ફિટકાર વરસાવતા નાગરિકો

ગાંધીનગર તા.૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણી પહેલીવાર જ્યારે જાહેર થઈ તે અગાઉ જ મનપા દ્વારા શહેરમાં વિકાસ કાર્યોની આડમાં વૃક્ષોના નિકંદન કાઢવાના નિર્ણયો સામે શહેરના પ્રકૃતિપ્રેમીઓનો રોષ ભભુકી ઉઠ્યો હતો તેમાંથી ભાજપે કોઈ શીખ લીધી લાગતી નથી. અત્યારે શહેરના વોર્ડ નં.૯માં સમાવિષ્ટ સેક્ટર-૨ ખાતે માત્ર ચુંટણી કાર્યાલય જે હંગામી ધોરણે જ બનાવાતું હોય છે તેના માટે પણ વર્ષો જુના ચાર લીલાંછમ ઘટાદાર વૃછોને કાપી નાંખતા શહેરના પર્યાવરણ પ્રેમી નાગરિકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. આ સાથે જ એક તરફ પર્યાવરણના જતનની મોટી મોટી વાતો અને બીજી તરફ પર્યાવરણનો જ સોથ વાળીને કરેલા વિકાસના કામોની ગુલબાંગો સાથે મતદારોની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ કરી રહેલા ભાજપની દાનત ×મુખમાં રામ અને બગલમાં છુરી× જેવી હોવાની ખુલ્લી પડી જવા પામી છે.

એક સમયે સમગ્ર એશિયામાં હરિયાળા પાટનગરનું બિરુદ ધરાવતા ગાંધીનગરમાં ઘટાદાર વૃક્ષો હજુ પણ શહેરની ઓળખ સમાન છે અને પાટનગરમાં વસતા નાગરિકોમાં પણ પ્રકૃતિ પ્રત્યે સભાનતા મોટા પ્રમાણમાં જોવા મળે છે. જોકે છેલ્લાં કેટલાંક વર્ષોમાં શહેરમાં વિકાસ કાર્યોની આડમાં વૃક્ષોનું નિકંદન કાઢવામાં કોઈ કસર રાખવામાં આવી નથી અને પાટનગરની ઓળખ સમાન હરિયાળીનો સોથ વળી જતાં ગાંધીનગરે તેનું ગ્રીનસિટીનું બિરુદ ગુમાવી દીધું છે. અત્યારે મહાનગર પાલિકાની ચુંટણીઓ ચાલી રહી છે અને ચુંટણી અગાઉ જ પૂર્વ મેયર રીટાબેન પટેલના વહીવટી મંડળ દ્વારા શહેરમાં અન્ડરપાસ અને સેક્ટરોના આંતરિક માર્ગો પહોળા કરવા સહિતના વિવિધ વિકાસ કાર્યો માટે મોટી સંખ્યામાં વૃક્ષછેદન સામે શહેરમાં પ્રકૃતિપ્રેમીઓનો રોષ ભભૂકવા સાથે ભારે ઉહાપોહ મચી જવા પામ્યો હતો. આ રોષને અનુલક્ષીને સોશિયલ મિડીયા પર પણ ગાંધીનગરના ભાજપના સત્તાધીશોની ખૂબ ટીકા થતાં સ્થાનિક સાંસદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પણ વૃક્ષોની જાળવણી અને ઉછેરને ધ્યાનમાં રાખીને જ વિકાસ કાર્યો કરવાની શીખ આપવી પડી હતી. જોકે તેમની શીખ કે શહેરના નાગરિકોના રોષમાંથી ભાજપ કાંઇ શિખ્યું હોય તેવું જણાતું નથી તેનું ઉદાહરણ શહેરના વોર્ડ નં-૯માં સમાવિષ્ટ સેક્ટર-૨ ખાતે ભાજપના સ્થાનિક ઉમેદવારોની હાજરીમાં જ માત્ર ચુંટણી કાર્યાલય બનાવવા જે હંગામી ધોરણે જ બનાવાનું હોય છે તેના માટે ચાર ઘટાદાર વૃક્ષો કાપી નાંખવાની હરકત કરાઈ હોવાના સમાચાર શહેરમાં પ્રસરતાં ફરી એકવાર શહેરના પ્રકૃતિપ્રેમી નાગરિકોનો રોષ ભભુકી ઉઠ્યો છે અને સોશિયલ મિડીયા પર ભાજપના આ ઉમેદવારો સામે ફિટકાર વરસાવતા મેસેજ ફરવા લાગ્યાં છે. અત્રે ઉલ્લેનીય છે કે વોર્ડ નં.૯માંથી ભાજપના જે ચાર ઉમેદવારો ચુંટણી લડી રહ્યાં છે તેમાં અલ્પાબેન કૌશિકભાઇ પટેલ, રાજુભાઇ શંકરભાઇ પટેલ, ?શૈલાબેન સુનિલભાઇ ત્રિવેદી અને ડો. સંકેત રમેશભાઇ પંચાસરાનો સમાવેશ થાય છે.

પ્રકૃતિપ્રેમી જીસીસી ગૃપે શરમજનક ઘટના ગણાવી

ગાંધીનગરમાં આગાઉ પણ મનપા દ્વારા અન્ડરપાસથી માંડીને સેકટરોના આંતરિક માર્ગોને પહોળાં કરવા જેવા વિકાસ કાર્યોની આડમાં વૃક્ષોનું નિકંદન કાઢવા સામે સોશિયલ મિડીયા થકી શહેરની સમસ્યાઓ પ્રત્યે જાગૃતિ અને ઉકેલના પ્રયાસ માટે કાર્યરત ×ગાંધીનગર ચમકાવવું છે -જીસીસી× ગૃપ દ્વારા શહેરના પ્રકૃતિપ્રેમીઓના રોષની આગેવાની લઈને પ્રકૃતિ રક્ષા અભિયાનના નેજા હેઠળ વિનયપૂર્વકનું અસરકારક આંદોલન ચલાવવામાં આવ્યું હતું જેના પગલે મનપાએ તેના નિર્ણયમાં ફેરફાર કરવાની ફરજ પણ પડી હતી. વોર્ડ નં.૯ના ચુંટણી કાર્યાલય માટે કાપવામાં આવેલા વૃક્ષોની ઘટનાને શરમજનક ગણાવતા જીસીસી ગૃપ દ્વારા તેના ટ્વિટર હેન્ડલર પર તીખી પ્રતિક્રિયા આપવામાં આવી છે અને આ વિષયને ગંભીરતાથી લેવાની વાત કરતાં શહેરના પ્રકૃતિપ્રેમીઓ પણ તેમનો રોષ ઠાલવી રહ્યાં છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- રાજ્યના મુખ્ય સચિવે આજે વેક્સિનેશન અભિયાનને લઈ વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- જિલ્લા પંચાયતના ભાજપના ચૂંટાયેલા સભ્યોની આજે બેઠક મળી હતી.
- જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન મીનાબેન ઠાકોરના પતિ લલિતભાઈનો આજે જન્મ દિવસ હતો એન ભાજપના સભ્યોએ તેમને મળી શુભેચ્છાઓ આપી હતી.
- ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં કર્મયોગીઓને તાલિમ આપવાની કામગીરીનો આજથી આરંભ થયો છે. ૨૯મી સુધી તમામને તાલિમ આપી દેવામાં આવશે.
- રાજ્યના રૂપાણી સરકારના તમામ મંત્રીઓને સદસ્ય નિવાસમાં આવાસની ફાળવણી કરી દેવામાં આવી છે. આ બધાને બીજા અને ત્રીજા મજલે સદસ્ય નિવાસમાં નિવાસની ફાળવણી કરાઈ છે.
- જિલ્લામાં ગઈકાલે રાત્રે સારો વરસાદ થયો હતો. માણસામાં ૫૭ મી.મી., કલોલમાં ૪૫ મી.મી., ગાંધીનગરમાં ૨૦ મી.મી. અને દહેગામમાં ૮ મી.મી. વરસાદ સવારે ૬ વાગ્યા સુધીમાં નોંધાયો હતો.
- શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરીએ આજે કમિશનરો સાથે ખાસ વી.સી. કરી અને હાઈકોર્ટ, સુપ્રિમકોર્ટમાં પડતર કેસોની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર શહેરમાં વરસાદી પાણી ભરાઈ રહેવાને કારણે ગંદકી અને કાદવકીચડની સ્થિતિ જાહેર માર્ગો પર પણ જોવા મળી હતી.
- શહેર કોંગ્રેસ દ્વારા મનપાની સામાન્ય ચૂંટણીને લઈ આજે ઉમેદવારો અને ચૂંટણીના જવાબદાર કાર્યકરોની બેઠક યોજાઈ હતી.

સરઢવ પેટ્રોલ પંપ પાસે અલ્ટો કાર આગમાં લપેટાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે આવેલા પેટ્રોલ પંપ ખાતે ગતરોજ રાત્રીના સમયે અલ્ટો કારમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. જો કે આગની જવાળાઓને પગલે ગાડીમાં બેઠેલા વ્યકિત નીચે ઉતરી ગયા હતા. જયારે બનાવની જાણ ફાયર બ્રિગેડને કરતા તેઓએ તાત્કાલીક સ્થળ પર આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે કાર આગમાં સંપૂર્ણ બળીને ખાક થઈ ગઈ હતી. જો કે કારમાં આગ લાગતા આગની જવાળાઓ દુર દુર સુધી દેખાતા ગ્રામજનો ટોળે વળ્યા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ માણસા તાલુકાના પારસા ગામના વતની પિયુષ અશોકભાઈ નાયી અલ્ટો કાર નં. જી.જે.૦૬.બી.એ.-૪૩૩૨ લઈને રાવલ મિલનભાઈ પ્રવિણભાઈ અમદાવાદ ખાતે જવા માટે નીકળ્યા હતા. તે સમયે સરઢવ ગામે આવેલા પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલ પુરાવા માટે ઉભા રહ્યા હતા. પેટ્રોલ પુરાઈને આગળ જતા જ અચાનક કારમાં આગ ભભુકી ઉઠી હતી. જેથી કારમાં સવાર નીચે ઉતરી ગયા હતા.

કારમાં ગણતરીની મિનીટોમાં આગમાં લપેટાઈ જવાની શરુઆત થઈ ગઈ હતી. આગની જવાળા દુર દુર સુધી દેખાતી હતી. ગ્રામજનો મોટી સંખ્યામાં બનાવ સ્થળે દોડી આવ્યા હતા. જયારે માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. આગ કયા કારણોસર લાગી તે જાણી શકાયુ નથી. આગની જાણ ફાયર વિભાગને કરતા તાત્કાલીક ફાયર જવાનોની ટીમ પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.પરંતુ આગની જવાળાઓમાં કાર બળીને સંપૂર્ણ ખાક થઈ ગઈ હતી. આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

ધી ગાંધીનગર અર્બન કો.ઓ.બેંકના ચેરમેન તરીકે કાલીદાસ વી. પટેલ

વાઈસ ચેરમેન તરીકે પ્રકાશ પટેલની વરણી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરની ધી ગાંધીનગર અર્બન કો.ઓપરેટીવ બેંક લી. ના ચેરમેન તરીકે શહેરના અગ્રણી વેપારી કાલીદાસ વી.પટેલની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી છે.જયારે વાઈસ ચેરમેન તરીકે શહેરના જાણીતા બિલ્ડર પ્રકાશ પટેલની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાઈ છે. બેંકના ચેરમેને અને વાઈસ ચેરમેન તરીકે શહેરના બંન્ને અગ્રણીઓની બિન હરીફ વરણી થતા તેઓના ફોન સતત શુભેચ્છા માટે રણકી રહ્યા હતા.

ધી ગાંધીનગર અર્બન કો.ઓપરેટીવ. બેંક લી. ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટે હોદેદારોની વરણી કરવા માટે બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સની પ્રથમ સભા તા.૨૧

સપ્ટેમ્બરના રોજ બેંકની વડી કચેરી ખાતે પૂર્વ મીનો. ડિરેકટર પ્રહલાદભાઈ એસ.પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ સભામાં આગામી વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટે બેંકના હોદેદારોની ચુંટણી કરવામાં આવી હતી. જેમાં

બેંકના ચેરમેન તરીકે શહેરના અગ્રણી વેપારી કાલીદાસ વી.પટેલ અને વાઈસ ચેરમેન તરીકે શહેરના અગ્રણી બિલ્ડર પ્રકાશ પટેલની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. કાલીદાસ વી. પટેલ ચેરમેન પદે અને વાઈસ ચેરમેન પદે સતત પાંચમીવાર ચુંટાઈ આવ્યા છે.

જયારે નવા ચુંટાયેલા હોદેદારોએ વર્ષ ૨૦૨૧-૨૨ માં બેંકની પ્રગતિ માટે સંકલ્પ કર્યો હતો. બેંકની ડિપોઝીટ અને ધિરાણમાં વધારો થાય અને એનપીએમાં ઘટાડો થાય તેવી કામગીરી કરવા પર ભાર મુક્યો હતો. બેંક શહેર અને જિલ્લાના નાગરીકોને સહકાર સાથે સારી બેંકીગ સેવા પુરી પાડે તેવી અભિલાષા વ્યકત કરી હતી. જયારે નવા વરાયેલા ચેરમેન કાલીદાસ વી પટેલે હોદેદારોની બિન હરીફ વરણી બદલ બોર્ડ ઓફ ડિરેકટર્સનો આભાર વ્યકત કર્યો હતો.

આરોગ્ય કેન્દ્ર મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે બી.પી. અને ડાયાબિટીસ નિદાન કેમ્પ યોજાયો

ચિલોડા, તા. ૨૨

આરોગ્ય કેન્દ્ર મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા તેમજ આરોગ્ય કેન્દ્ર સાદરાના સંયુક્ત ઉપક્રમે બી.પી. અને ડાયાબિટીસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ જેમાં કુલ ૧૦૭ લાભાર્થીએ ભાગ લીધો. આ ઉપરાંત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહા વિદ્યાલયના ઉપાસના ખંડમાં આ રોગોથી કેવી રીતે બચી શકાય અને કેવી કાળજી લેવી એ માટે માર્ગદર્શન આપવામાં આવ્યુ.

ગાંધીનગર અને આસપાસના મોબાઈલ ટાવરોમાંથી એલ્યુમિનિયમના પ્લેટ ચોરી કરનાર બેની ધરપકડ

ગાંધીનગર,તા.૨૨

અમદાવાદ શહેર-ગ્રામ્ય અને ગાંધીનગર જિલ્લામાં આવેલા મોબાઈલ ટાવરોમાં ફ્રીકવન્સી માટે સેટ કરવા માટે લગાવવામાં આવેલા કાર્ડ (એલ્યુમિનિયમની પ્લેટ)ની ચોરી કરનાર બે શખ્સોને એલસીબી પોલીસે ગાડી સાથે ઝડપી પાડ્યા છે. પોલીસે ગાડી ચેક કરતા તેમાંથી રૂ.૩ લાખની એલ્યુમિનિયમની ૨૦ નંગ પ્લેટ, રૂ.૧૫ હજારના બે નંગ મોબાઈલ, અને ૨ લાખની ગાડી મળી કુલ રૂ.૫ લાખથી વધુનો મુદ્દામાલ પકડી પાડી વધુ ૧૨ ગુનાઓનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે હે.કો. મુકેશસિંહ અને જયપાલસિંહને બાતમી મળી હતી કે નરોડા ખાતે રહેતો કિશન શ્રીમોહન ચૌહાણ અને ગોતા ખાતે રહેતો રાજેશ સેનમા બંન્ને મોબાઈલના ટાવરોમાંથી એલ્યુમિનિયમની પ્લેટોની ચોરી કરે છે અને આજે ચોરી કરેલ પ્લેટો

વેચવા માટે ગાડી નં.જી.જે.૦૧.જે.ટી.-૩૨૦૪ માં ભરીને ગોતાથી નીકળ્યા છે. તેઓ છત્રાલ થઈને કડી તરફ જવાના છે. આ બાતમીને પગલે એલસીબી પોલીસના જવાનો વોચમાં ગોઠવાઈ ગયા હતા અને ઉપરોકત શખ્સોને સેલેરીયો ગાડી સાથે પકડી પાડ્યા હતા. પોલીસે ગાડીમાં તપાસ કરતા પાછળના ભાગે એલ્યુમિનિયમની પ્લેટો મળી આવી હતી. તેઓની પુછપરછમાં રાજેશ દલપતભાઈ સેનમા (રહે.હાલ એલ-૫૦૬, વીર સાવરકર હાઈટસ-૧ વસંતનગર ગોતા અમદાવાદ, મુળ રહે, છત્રાલ કલોલ), તેમજ કિશન શ્રી મોહન ચૌહાણ (રહે. ૪૦ નિગમ સોસાયટી વટવા અમદાવાદ, મુળ રહે. જીગરવાગામ, થાણા મહારાજગંજ જી.સીવાંગ બિહાર) હોવાની કબુલાત કરી હતી. જયારે ગાડીમાં રહેલી એલ્યુમિનિયમની પ્લેટ અંગે પુછતાછ કરતા આ પ્લેટો મોબાઈલ ટાવરમાં ફ્રીકવન્સી માટે સેટ કરવા માટે લગાવવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું. આ તમામ પ્લેટો સીસ્ટમ મોયુએલ-૨, આર.એફ મોડ્યુએલ-૧ તેમજ ટીઆરએકસ (એલ્યુમિનિયમ પ્લેટ) કુલ નંગ-૨૦ કિં.રૂ.૩ લાખ તેમજ કાર અને મોબાઈલ મળી કુલ રૂ.૫.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો છે. પોલીસે રાજેશ સેનમાની પુછતાછ કરતા તેણે તેના સાગરીત સાથે મળીને છેલ્લા દોઢ માસથી અમદાવાદ શહેર-ગ્રામ્ય અને ગાંધીનગરના વિવિધ વિસ્તારમાંથી મોબાઈલ ટાવરમાંથી એલ્યુમિનિયમની પ્લેટો ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

ચિલોડા અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લી ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

ચિલોડા, તા. ૨૨

રક્તદાન-મહાદાન સુત્રને સાર્થક કરવા ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ધી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લી.ની શાખામાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અમદાવાદ તથા એ.ડી.સી. બેંક ચિલોડાના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પનું આયોજન કરવામા આવ્યુ હતુ. આ કેમ્પમાં બેંકના કર્મચારી સહિત રક્તદાતા દ્વારા ૬૭ બોટલ રક્ત એકત્રીત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ચિલોડા, દહેગામ તથા ગાંધીનગર સે. ૨૪ની બેંક શાખામાં રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકાના વોર્ડ નં.-૩ માં આમ આદમી પાર્ટીના ડોર ટુ ડોર સંપર્ક અભિયાનમાં પ્રદેશ નેતા ઈશુદાન ગઢવી જોડાતા કાર્યકરોમાં જોમ અને જુસ્સો વધી ગયો છે. મતદારોમાં પણ આકર્ષણ જમાવ્યુ હતુ. આમ આદમી પાર્ટીના ગાંધીનગરના અને સુરતના કાર્યકરો મોટી સંખ્યામાં અભિયાનમાં જોડાયા. છેલ્લા બે દિવસથી વોર્ડ નં. ૩ માં આમ આદમી પાર્ટીએ પ્રચાર અભિયાનને આક્રમક બનાવ્યુ છે. સેક્ટર-૨૪ અને ૨૭ માં બબ્બે નુક્કડ સભાઓ યોજી સુરત મોડલની વિસ્તૃત ચર્ચા મતદારો સમક્ષ કરી હતી. ગાંધીનગરના સૌથી યુવાન ઉમેદવાર પ્રેક્ષા રાવલને મતદારોના ઉષ્માભર્યા આશીર્વાદ મળી રહ્યા છે.

પેથાપુર - જીઈબી ચોકડી પાસેથી ચોરીના બાઈક સાથે એકની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૨

પેથાપુર જી.ઈ.બી. ચોકડી તરફથી ચોરીના બાઈક સાથે એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને એલસીબી-૧ પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે કિશોર પાસેથી સાબરકાંઠાના વડાલી ખાતે ચોરી થયેલ વધુ એક બાઈક મળી કુલ-૨ બાઈક મળી કુલ રૂ.૪૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૧ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ તેમજ જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે સાથે રહેલા એએસઆઈ ધર્મેન્દ્રસિંહ અને હે.કો.અનુપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક કિશોર જેને શરીરે સફેદ કલરનો ફુલની ભાતવાળો શર્ટ પહેર્યો છે. તે કિશોર ચોરીનું બાઈક નંબર પ્લેટ વિનાનું લેઈને પેથાપુરથી જીઈબી ચોકડી તરફ આવે છે. જેથી પોલીસના જવાનો વોચમાં ગોઠવાઈ ગયા હતા. જયારે કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને નંબર પ્લેટ વિનાના બાઈક સાથે દબોચી લીધો હતો. બાઈકના આધાર પુરાવા માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. જેથી પોલીસે તેની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તે બાઈક ચાર વર્ષ પહેલા નરોડા ખાતેથી ફલેટના પાર્કિંગમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જયારે બાઈકના એન્જીન અને ચેસીસ નંબર આધારે પોકેટ કોપથી ખાતરી કરતા તે બાઈકનો નંબર જી.જે.૦૯.સીજી.-૧૮૮૭ જણાયો હતો. જયારે બાઈક ચોરી અંગે નરોડા ખાતે ફરીયાદ નોંધાઈ છે. કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને વિશ્વાસમાં લઈ વધુ તપાસ કરતા ચાર વર્ષ પહેલા વડાલીથી બાઈક ચોરી કરી હોવાનું જણાવ્યું હતું અને આ બાઈક તેના ઘરે હોવાની જણાવતા આ બાઈક પોલીસે કબ્જે લીધુ હતું. પોલીસે પોકેટ કોપ થી સર્ચ કરતા બાઈકનો નંબર જી.જે.૦૯.એ.એન.-૯૬૦૯ હોવાનું જણાયુ હતું. બાઈક ચોરી અંગે વડાલી ખાતે પણ ગુનો નોંધાયો છે.જયારે એલસીબી પોલીસે રૂ.૪૦ હજારની કિંમતના બે બાઈક કબ્જે કરી કિશોર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે ઉલ્લેખયની છે કે અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા અને સાબરકાંઠા વિસ્તાર સહિત ૪૦ વાહનચોરીના ગુનામાં સંઘર્ષમાં આવેલ કિશોર પકડાયો હોવાનું જાણવા મળ્યું છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

જા મ્યુનિસિપાલિટી ઇલેકશનમાં જીતી જા એવા આર્શિવાદ આપું છું... પણ ચૂંટાઈજા તો રોડના ખાડા પહેલા પૂરી દેજે... રીક્ષામાં બેસું છું પછી ખાડાને કારણે કમર બહુ દુઃખે છે...

વોર્ડ નં.૭માં કોંગ્રેસના પ્રચારમાં માણસાના ધારાસભ્ય સહિત નેતાઓ જોડાયાં

ગાંધીનગર મહાનગર પાલિકાના ચુંટણી જંગમાં વોર્ડ નં.૭ વાવોલ-કોલવડામાં આજે કોંગ્રેસના ઉમેદવાર દેવેન્દ્રસિંહ ગોલ સહિતની પેનલને વિજય બનાવવા માણસા વિધાનસભા બેઠકના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયતના સભ્ય અજીતસિંહ રાઠોડ, શહેર યુથ કોંગ્રેસના મહામંત્રી રાજદિપસિંહ બિહોલા સહિત નેતાઓ જોડાયાં હતા. કોંગ્રેસના રાજકિય અગ્રણીઓ દ્વારા વોર્ડ-૭માં ડોર-ટુ-ડોર પ્રચાર કાર્ય વેગવંતુ બનાવવા સાથે મતદારોમાં કોંગ્રેસ તરફી વલણ જોવા મળ્યું હોવાનો દાવો કરાવામાં આવ્યો હતો.